



ખંડ-૪
અંક-૨
ફેબ્રુઆરી ૨૦૧૮


# કૃષિ ઉત્પાદન અને બજાર દર્શન

કૃષિ ઉદય...

## લઘુત્તમ ટેકાના ભાવ (MSP)



સરકારે અત્યાર સુધી તમામ ખરીફ પાક માટે ઓછામાં ઓછું તેમના ઉત્પાદન ખર્ચના એકથી દોઢ ગણા વધારે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) રાખવાનું નક્કી કર્યું છે. આ ઐતિહાસિક નિર્ણયથી ખેડૂતોની આવકને બમણી કરવા રાષ્ટ્રીય અને રાજ્ય સરકારો સાથેના પરામર્શમાં નીતિ આયોગ દ્વારા એક જડબેસલાક વ્યવસ્થા ઉભી કરવામાં આવશે કે જેથી ખેડૂતોને તેમના ઉત્પાદન માટે પૂરતા ભાવ મળશે.

### ઉત્પાદન ખર્ચને એમએસપી સાથે જોડાણ–

નાણાં પ્રધાને ખેડૂતોને ખરીફ પાક માટેના ઉત્પાદન ખર્ચના એકથી દોઢ ગણા વધારે લઘુત્તમ ટેકાના ભાવની (MSP) જાહેરાત કરી છે. તાજેતરના સમયમાં લઘુત્તમ ટેકાના ભાવની હેઠળ ઘણાં પાકોની કિંમત રાખવાની ફરજ પાડવામાં આવી છે ત્યારે આ બજેટ એમએસપીના અસરકારક અમલીકરણની જરૂરિયાતને પુનરોચ્ચાર કરે છે અને નીતિ આયોગને ખેડૂતોને તેમના ઉત્પાદન માટે પૂરતો ભાવ મળે તેની ખાતરી કરવા માટે એક પદ્ધતિ પ્રસ્તુત કરવા માટે નિર્દેશન કરે છે.


અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી
માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક
મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર
સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ
સંપાદક :
ડૉ. હેમંત શર્મા
વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા
પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ



પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત



E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in




### કૃષિ બજારોને પરિવર્તિત કરો......

સરકાર હાલના ૨૨૦૦૦ ગ્રામીણ હાટને ગ્રામીણ ખેતીવાડી બજાર (GrAMs)માં પરીવર્તિત કરશે. આ ગ્રામીણ ખેતીવાડી બજારમાં ભૌતિક માળખાને મનરેગા અને અન્ય સરકારી યોજનાઓનો ઉપયોગ કરીને મજબૂત બનાવવામાં આવશે. ઇ-નામ (e-NAM) સાથે ઇલેક્ટ્રોનિક રૂપે સાંકળી લેવામાં આવશે અને એપીએમસીના નિયમોમાંથી મુક્તિ આપવામાં આવશે કે જે ગ્રાહકોને સીધું વેચાણ અને જથ્થાબંધ વેચાણ કરવાની સુવિધા આપશે.

### ગ્રામીણ બજારો સાથેની વસાહતોને સાંકળવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે......

તમામ માર્ગ સાથે વસવાટોને જોડવા માટેની અંતિમ તારીખ માર્ચ ૨૦૨૨ થી માર્ચ ૨૦૧૯ આગળ લાવવામાં આવી છે. ખેડૂતો અને ગ્રામીણ બજારો(GrAMs), ઉચ્ચતર માધ્યમિક શાળા અને દવાખાનાઓને જોડતાં મુખ્ય માર્ગોનો તેમાં સમાવેશ કરવા માટે તેના વિસ્તારને વધુ મજબૂત અને વિસ્તૃત કરવા પર મુખ્ય ધ્યાન રહેશે.

### સજીવ ખેતી પર વધારે ભાર......

ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs) અને ગ્રામીણ ઉત્પાદક સંગઠનો(VPOs) દ્વારા મોટા જથ્થામાં ખાસ કરીને દરેક ૧૦૦૦ હેક્ટરના એવા સમૂહમાં સજીવ ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા કાર્યક્રમ હેઠળ મહિલા સ્વ-સહાય જૂથોને (SHGs) પણ સજીવ ખેતીને સમૂહમાં જોડવા પ્રોત્સાહિત કરવામાં આવશે.

### ઔષધીય, સુગંધિત છોડની ખેતીને ટેકો આપતી સરકાર......

અત્તર, આવશ્યક તેલ અને અન્ય સંકળાયેલા ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે મોટી સંખ્યામાં નાના અને કુટીર ઉદ્યોગોને ટેકો આપવા સરકાર દ્વારા બે અબજ રૂપિયાની ફાળવણી કરવામાં આવે છે. કારણ કે દેશની જૈવિક પર્યાવરણ એ અત્યંત વિશિષ્ટ ઔષધીય અને સુગંધિત છોડની ખેતીને આધાર આપે છે.

### ખાદ્ય પ્રક્રિયા ક્ષેત્ર માટેની ફાળવણી બમણી......

ખાદ્ય પ્રક્રિયા ક્ષેત્રે દર વર્ષે આઠ ટકાના સરેરાશ દરે વિકાસ કર્યો છે, સરકારે ૨૦૧૭-૧૮માં (સુધારેલા અંદાજો) રૂ. ૭.૧૫ અબજથી વધારીને ૨૦૧૮-૧૯માં રૂ. ૧૪ અબજ ડોલરની ફાળવણી કરવાનો નિર્ણય કર્યો છે. પ્રધાન મંત્રી કૃષિ સંપદા યોજના એ ખાદ્ય પ્રક્રિયા ક્ષેત્રમાં મૂડી રોકાણને પ્રોત્સાહન આપવા માટેનો મુખ્ય કાર્યક્રમ છે.

### 'ઓપરેશન ગ્રીન' શરૂ કરવામાં આવશે......

ઓપરેશન ફ્લડની દિશામાં ઓપરેશન ગ્રીન શરૂ કરવા સરકારે ૫ બિલિયન રૂપિયા ફાળવ્યા છે. ઓપરેશન ગ્રીન ખેડૂત ઉત્પાદક સંગઠનો(FPOs), કૃષિ વિષયક સુવિધાઓ, પ્રક્રિયા ક્ષેત્રે સવલતો અને વ્યવસાયિક મેનેજમેન્ટને પ્રોત્સાહન આપશે. આ

ઉપરાંત, કૃષિ ચીજવસ્તુઓની નિકાસની સંભાવનાને ધ્યાનમાં લેતાં તમામ ૪૨ મેગા ફૂડ પાર્કમાં રાજ્યની અદ્યતન પરીક્ષણ સુવિધાઓ સ્થાપવામાં આવશે.

## નવા વિસ્તારોમાં કિસાન ક્રેડિટ કાર્ડસની સુવિધા......

સરકારે ખેડૂતોની કાર્યકારી મૂડીની જરૂરિયાતોને સહાય માટે કિસાન ક્રેડિટ કાર્ડસની સુવિધા વધારવાની દરખાસ્ત કરી છે. જેનો નાના અને સીમાંત ખેડૂતોને વધુ લાભ મળશે.

## વાંસના વિકાસ મિશન કાર્યક્રમની શરૂઆત......

સરકાર વાંસના ક્ષેત્રને સર્વગ્રાહી રીતે પ્રોત્સાહન આપવા માટે ૧૨૯૦ અબજ રૂપિયાની જોગવાઈ સાથે ફરીથી સંગઠિત રાષ્ટ્રીય વાંસ મિશન શરૂ કરશે. અગાઉ વૃક્ષોની વ્યાખ્યામાંથી વાંસને દૂર કરી દેવામાં આવ્યો હતો, જેના કારણે તેનાં વાવેતર અને ઉપયોગમાં મોટો વધારો થયો હતો.

## ખેડૂતો દ્વારા પેદા થતી વધારાની સૌર ઉર્જાની સરકાર દ્વારા ખરીદી......

કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને તેમની જમીન પર ખેડૂતો દ્વારા પેદા થતી વધારાની સૌર ઉર્જાની વિતરણ કંપનીઓ અથવા પરવાના ધારક દ્વારા વ્યાજબી કે લાભદાયી દરે ખરીદવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે એક પદ્ધતિ મૂકવા માટે પ્રોત્સાહિત કરશે. ઘણા ખેડૂતો તેમની જમીન/વિસ્તાર પર સિંચાઈ માટે સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પંપ સ્થાપિત કરી રહ્યા છે.

## મત્સ્ય અને પશુપાલનને પ્રોત્સાહન આપવા માટે નવા ભંડોળની ફાળવણી......

સરકારે પશુપાલન ક્ષેત્ર અને મત્સ્ય ક્ષેત્રની માળખાકીય જરૂરિયાતોના ધિરાણ માટે અને પશુપાલન માળખા વિકાસ ફંડ (AHIDF) અને મત્સ્ય અને જળચરઉછેર માળખા વિકાસ ફંડ (એફએડએફ) ની સ્થાપના માટે ૧૦૦ અબજ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ડેરી પ્રક્રિયા માળખા વિકાસ ફંડ (DPIDF)ની સ્થાપના ડેરી માળખાગતમાં નાણાંકીય મૂડીરોકાણ માટે ગયા વર્ષે જાહેરાત કરવામાં આવી હતી.

## નાના ખેડૂતો માટે કે જેઓ પાકની લોન મેળવી શકતા નથી તેમના માટે ધિરાણની સુવિધા......

રાજ્ય સરકારો સાથેના પરામર્શમાં નીતિ આયોગ  એક એવી પદ્ધતિ ઊભી કરશે કે જે જમીનના માલિકોના અધિકારો સાથે સમાધાન કર્યા વિના ભાડૂતી ખેડૂતોને ધિરાણની સુવિધા આપશે. વર્તમાનમાં, ભાડૂતી ખેડૂત પાકના લોનનો ઉપયોગ કરી શકતા નથી. પરિણામે, ખેતીલાયક જમીન મોટા પ્રમાણમાં પડતર રહે છે અને ભાડૂતી ખેડૂતોને શાહુકારો પાસેથી ઉંચા વ્યાજે ધિરાણ મેળવવા માટે ફરજ પડે છે.

## મહિલાઓ માટે વિવિધ યોજનાઓ, દરેક માટે વીજળી અને સ્વચ્છ ભારતનાં મોટા લક્ષ્યાંકો......

પ્રધાન મંત્રી ઉજ્જવાલા યોજના અંતર્ગત ૫૦ મિલિયન ગરીબ મહિલાઓને મફત એલપીજી જોડાણ આપવામાં આવ્યા હતા, તેને હવે ૮૦ મિલિયન ગરીબ મહિલાઓ માટે લક્ષ્ય બનાવવામાં આવશે. તમામ ઘરોમાં વીજળી પૂરી પાડવા માટે પ્રધાનમંત્રીની સૌભાગ્ય યોજના હેઠળ સરકાર ૧૬૦ બિલિયન રૂપિયા ખર્ચી રહી છે. આ નાણાકીય વર્ષમાં સ્વચ્છ ભારત મિશન દ્વારા લગભગ ૨૦ મિલિયન શૌચાલયો બાંધવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે.

## સિંચાઇથી વંચિત જિલ્લોમાં સિંચાઈની સુવિધા......

વડાપ્રધાન કૃષિ સિંચાઇ યોજના-દરેક ખેતરને પાણી હેઠળ ભૂમિગત જળ સિંચાઈ માટે ૨૬  બિલિયન રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જે સિંચાઇથી વંચિત ૯૬ જિલ્લાઓને સિંચાઇથી આવરી લેવામાં આવશે, જ્યાં કુલ જમીનના ૩૦ ટકાથી ઓછી જમીન હાલ સિંચાઈ હેઠળ છે.

## ગામોને ખુલ્લા શૌચમાંથી મુક્તિ માટેની યોજના......

ગામોને ખુલ્લા શૌચમાંથી મુક્ત બનાવવા માટે, સરકારે ખેતરોમાં ખાતર અને ઘન કચરાના સંચાલન અને પરિવર્તન માટે ગેલ્વનાઈઝિંગ ઓર્ગેનિક બાયો-એગ્રો રિસોર્સિસ ધન (ગોબર- ધન) નામની સ્કીમ શરૂ કરવાની દરખાસ્ત કરી છે કે જે પશુઓના છાણને ખાતર, બાયો- ગેસ અને બાયો-સીએનજીમાં પરિવર્તિત કરશે.

## ૧૧૫ મોડેલ જીલ્લાઓને વિકસાવવા......

સંકલિત સમાજના દ્રષ્ટિકોણને હાંસલ કરવા માટે, સરકારે ૧૧૫ મહત્વાકાંક્ષી જીલ્લાઓને નક્કી કર્યા છે. વિકાસના વિવિધ સૂચકઆંકને ધ્યાનમાં લઇને સ્વાસ્થ્ય, શિક્ષણ, પોષણ, કૌશલ્ય સુધારણા, નાણાંકીય સુવિધા અને માળખાગત સુવિધાઓ (સિંચાઈ, ગ્રામીણ વિદ્યુતીકરણ, પીવાના પાણી અને શૌચાલય) જેવી સામાજિક સેવાઓમાં રોકાણ કરીને આ જીલ્લાઓમાં જીવનની ગુણવત્તામાં ઝડપી ગતિએ સુધારો કરવાનો ઉદ્દેશ્ય છે. .





## સરકારે ખાંડ અને ચણાની આયાત જકાતમાં વધારો કર્યો......

સરકારે ડુંગળીની લઘુતમ નિકાસ કિંમત (MEP) પ્રતિબંધ ઉઠાવી લીધાના કેટલાંક દિવસો પછી સરકારે ખાંડ પરની આયાત જકાતને બમણી કરીને ૧૦૦ ટકા અને ચણા પરની આયાત જકાતને 30 ટકાથી વધારીને ૪૦ ટકા કરેલ છે. છેલ્લા થોડા મહિનામાં ખાંડ અને ચણાની કિંમતોમાં ઘટાડો થયો છે, જેનાથી ખેડૂતોની સ્થિતિ વધુ અનિશ્ચિંત બની છે.

લઘુતમ નિકાસ કિંમત (MEP) દૂર થઇ ગઇ છે અને સ્થાનિક વેપારીઓને વેપાર કરવાની મંજૂરી આપવામાં આવી છે. ગયા વર્ષે નવેમ્બરમાં, ડુંગળી પર સરકારે ટન દીઠ ૮૫૦ ડોલર અથવા રૂ.૫૪,૦૦૦ લઘુતમ નિકાસ કિંમત (MEP) રાખી હતી. ખાંડના કિસ્સામાં, ૨૦૧૭-૧૮ની સિઝનમાં (ઓક્ટોબર-સપ્ટેમ્બર) અંદાજિત ૬ મિલિયન ટનથી વધારે ઉત્પાદનને કારણે જથ્થાબંધ ભાવ ઉત્પાદનખર્ચના ભાવથી ઘટી ગયા હતા. છૂટક બજારોમાં, ખાંડ ૪૦-૪૨ રૂપિયા પ્રતિ કિલો વેચવામાં આવે છે.

ખાંડના ભાવ ઉત્પાદન ખર્ચથી ઘટીને રૂ.૨૯.૫૦-30 પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે જેથી કરીને રાષ્ટ્રીય સહકારી ખાંડ મિલોના સંઘ અને ભારતીય ખાંડ મિલોના સંઘે સરકાર પાસે હસ્તક્ષેપની માંગણી કરી છે. ભારતમાં ખાંડ ઉત્પાદનનો અંદાજ જે ૨૦૧૬-૧૭માં ૨૦.૩ મિલિયન ટનની સરખામણીમાં વર્તમાન બજાર વર્ષ ૨૦૧૭-૧૮ (ઓક્ટોબર-સપ્ટેમ્બર) માં ૨૬.૧ મિલિયન ટન કરવામાં આવ્યો છે. આ વર્ષે ખાંડની વપરાશ ૨૫ મિલિયન ટન થવાની ધારણા છે. ચણાનો જથ્થાબંધ ભાવ રૂ.૩૭૦૦-૩૮૦૦ પ્રતિ ક્વિંટલ છે, જે જંગી ઉત્પાદનને કારણે રૂ.૪૪૦૦ પ્રતિ ક્વિંટલ લઘુતમ ટેકાના ભાવ (MSP) કરતાં ઘણો નીચો છે. કૃષિ મંત્રાલયના આંકડા મુજબ, કઠોળનું ઉત્પાદ્ન પાછલા વર્ષમાં ૧૬.૩૫ મિલિયન ટનથી વધીને ૨૦૧૬-૧૭ના પાક વર્ષમાં (જુલાઇ-જૂન) અત્યાર સુધીમાં ૨૨.૯૫ મિલિયન ટનની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું છે. જે ૨૦૧૭-૧૮માં પણ ૨૧ મિલિયન ટનથી વધુ ઉત્પાદન હોવાની અપેક્ષા રખાય છે.

Book Post

To,

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

DOI : February 15, 2018

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

Lajja : 02692-233864

*Acknowledged the information used/taken from the public domain*